અરજી રજુ તારીખ– ૨૭/૦૫/૨૦૨૬
અરજી દાખલ તા.– ૨૭/૦૫/૨૦૨૬
ફેસલ તારીખઃ– ૦૧/૦૬/૨૦૨૬

---

**અરવલ્લીનાં મહે. બીજા અધિક સેશન્સ જજ, સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.મોડાસા, જી.અરવલ્લી**

---

ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૬૪૧/૨૦૨૬

આંક–

અરજદાર/આરોપી:–

સંદિપ દલપતસિંહ ચૌહાણ

રહે. એમ–૩/૨૬, અક્ષર એપાર્ટમેન્ટ સામે,

સપનાના વાવેતર, લક્ષ્મીપુરા રોડ, વડોદરા, જી.વડોદરા

વિરૂદ્ધ

સામાવાળાઃ–

સરકારશ્રી

---

અરજદાર તરફે વિ.વ.શ્રી આર.ડી.કુંપાવત

સામાવાળા તરફે વિ.સ્પે. પી.પી.શ્રી બી.આર.પટેલ

---

**બાબતઃ– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા બાબત અરજી.**

**–:: ચુકાદો ::–**

૧.. અરજદાર/આરોપીએ હાલની અરજી મેઘરજ પો.સ્ટે. ગુના રજી.નં. ૧૧૧૮૮૦૦૭૨૬૦૧૫૭/૨૦૨૬, ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫(એ)(ઇ),૧૧૬(બી), ૮૧, ૮૩ અને ૯૮(૨) તથા બી.એન.એસ. કલમ–૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪) તથા ૩૩૬(૨), ૩૩૬(૩) અને ૩૪૦(૨) મુજબના ગુન્હાના કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે દાખલ કરેલ છે .

૨.. અરજી અનુસંધાને સરકારશ્રીને નોટીસ બજતા સરકાર તરફે વિ.સ્પે. પી.પી.શ્રી બી.આર.પટેલ હાજર રહે લ છે અને આંક–૬થી તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું રજુ કરે લ છે .

૩.. અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ એવી રજુ આત કરેલ છે કે , પોલીસે અરજદાર/આરોપીને અટક કરી તા.૧૮/૦૩/૨૦૨૬ના રોજ નામદાર ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે અને તા.૨૩/૩/૨૦૨૬ના રોજ તેઓના રીમાન્ડ પુરા થતા અરજદાર/આરોપીને જયુડી.કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ થયેલ છે. આ કામનાં આરોપી દ્વારા અગાઉ ફો.પ.અ.નં.૩૯૯/૨૦૨૬ થી દાખલ કરેલ જે તપાસ ચાલુ હોય આ અરજી નામંજુર કરવામાં આવેલ છે. પરંતુ હાલનાં બનાવ બાબતે ચાર્જશીટ થઇ ગયેલ છે જેનો મેઘરજ કોર્ટમાં ફોજદારી કેસ નં.૫૪૯/૨૦૨૬ થી દાખલ થયેલ છે. ત્યારે હાલનાં આરોપી બે માસ ઉપરાંત સમયથી કસ્ટડીમાં છે. જેથી તેઓએ હાલની જામીન અરજી દાખલ કરેલ છે જે હકીકત ધ્યાને લેવા રજુઆત કરેલ છે.

વધુમાં અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે અને અરજદાર/આરોપી છુટક મજુરી કરી તેમના કુટુંબનું ભરણપોષણ કરે છે અને તેમના કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે અને અરજદાર/આરોપી ઉપરોકત જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે, ક્યાંય નાસીભાગી જાય તેવા નથી, નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા અને નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તૈયાર છે તેથી અરજીની હકીકત અને કેસના સંજોગો ધ્યાને લઇ અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

૪.. સામાવાળા તરફે વિ.સ્પે.પી.પી.શ્રીએ ફરિયાદ હકીકત ધ્યાને દોરી એવી રજુઆત કરેલ છે કે, આ કામના મુળ આરોપી નં.૧ અને ૨ નાએ ફરિયાદમાં જણાવેલ તારીખે, સમયે અને જગ્યાએ પોતાના કબજાની સફેદ કલરની ક્રેટા ગાડી રજી.નં.જી.જે.૦૧.આર.એલ. ૮૯૩૬ જેનો સાચો રજી.નં.જી.જે.૧૩.એ.એચ.૫૬૦૭માં ભારતીય બનાવટની

વિદેશીદારુની બોટલો તથા બીયરના ટીન નંગ-૧૩૧૫, કિં.રૂા.૭,૮૭,૩૩૪/- તથા ક્રેટા ગાડી રજી.નં.જી.જે.૦૧.આર.એલ. ૮૯૩૬ જેનો સાચો રજી.નં.જી.જે.૧૩.એ.એચ.૫૬૦૭ ચાવી સાથે કિં.રૂા.૧૦,૦૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૨, કિં.રૂા.૧૦,૦૦૦/-તથા કાળુ કપડુ નંગ-૧ તથા નંબર પ્લેટ મળી કુલ કિં.રૂા.૧૭,૯૭,૩૩૪/-ના મુદ્દામાલ સાથે મળી આવી તથા રેઈડ દરમિયાન નહિ મળી આવેલ આરોપી નં.૩ નિરંજન, રહે.ઉદેપુર, ચિત્તોડગઢ વચ્ચે રાજસ્થાન (દારુનો જથ્થો ભરાવનાર) તથા આરોપી નં.૪ જીતેન્દ્રસિંહ રવિન્દ્રસિંહ ચૌહાણ, રહે.જરની, તા.સીમલવાડા, જી.ડુંગરપુર (રાજસ્થાન) રાજસ્થાન પીઠ (સીમલવાડા) ખાતે દારૂના ઠેકાના માલિક / સંચાલક તથા આરોપી નં.૫ ગાંધીનગર સાંતેજ નજીક કાકા નામનો માણસ જે વિદેશી દારૂ લેવા આવનાર અજાણ્યો માણસ જે તમામ આરોપીઓએ પોતાના અંગત ફાયદા સારૂ ગેરકાયદે દારૂની લાઈન ચલાવી રાજસ્થાન રાજયમાંથી ગુજરાત રાજયમાં દારુ બંધી હોવા છતાં દારુ ઘુસાડવા કાવતરુ રચી એકબીજાને મદદગારી કરી પકડાયેલ ક્રેટા ગાડીને ખોટી નંબર પ્લેટ લગાડી આ અગાઉ આવા પ્રકારના ગેરકાયદેસર રીતે દારુની હેરાફેરીના ગુન્હામાં સંડોવાયેલ હોવા છતાં સહ આરોપીઓ સાથે સંગઠીત થઈ પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે અને હાલના અરજીના અરજદાર/આરોપીએ સદર પકડાયેલ વિદેશીદારૂ અને બીયરનો જથ્થો મંગાવેલ છે અને સદર કામે અન્ય સહ આરોપીઓ હજુ પકડવાના બાકી છે અને ગુન્હાની મહત્વની કડીઓ મેળવવાની બાકી હોય ત્યારે હાલની અરજી નિર્ણીત કરતી વખતે સૌ પ્રથમ એ બાબત લક્ષ્યમાં રાખવાની રહે છે કે, આ કામના આરોપી દ્વારા અગાઉ જામીન અરજી દાખલ કરવામાં આવેલ હતી, જે ગુણદોષ પર નામંજુર કરવામાં આવેલ અને તે હુકમ આરોપી દ્વારા કોઈ જગ્યાએ પડકારવામાં આવેલ નથી. ત્યારે હાલની અરજી ચાર્જશીટ બાદ દાખલ કરવામાં આવેલ છે. ત્યારે ફરીયાદ પક્ષે એ રજુઆત કરવાની રહે છે કે, ચાર્જશીટ થયા બાદ મહત્વના પરીબળોમાં ફેરફાર થયેલ છે તે કે જે તેઓને જામીન મુકત કરવા માટે નવા કારણો આપતા હોય, તેમજ માત્ર ચાર્જશીટ રજુ કરી દેવા માત્ર થી જ નવા કારણો

માની શકાય નહી. તેમજ કોઈ મહત્વના ફેરફાર થયેલ હોવા બાબતે પણ કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. ત્યારે અગાઉની જામીન અરજી રદ કરવામાં આવેલ હોય અને નવા કોઈ કારણો ન હોય. ત્યારે આ પ્રકારની અરજી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. ત્યારે જો હાલના આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ટ્રાયલમાં વિલંબ થાય તેમ છે. તેમજ જો આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો સમાજમાં ખોટા દાખલા બેસે તેમ છે. ત્યારે હાલની અરજી રદ કરવા રજુઆત કરવામાં આવેલ છે.

૫.. અરજીની હકીકતો વંચાણે લીધી. બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓને સાંભળ્યા. અરજીના સમર્થનમાં રજુ આંક–૩નું દસ્તાવેજી પુરાવાલીસ્ટ ધ્યાને લીધું તથા તપાસ કરનાર અધિકારીનું આંક–૬નું સોગંદનામું વંચાણે લીધું. પોલીસ પેપર્સમાં રજુ ફરિયાદ હકીકત વંચાણે લેતાં એક હકીકત રેકર્ડ ઉપર આવેલ છે આ કામના ફરિયાદી એ.એસ.આઇ.– દિલીપકુમાર ગોવિંદભાઇ, સ્ટેટ મોનીટરીંગ સેલ, ગુજરાત રાજય, ગાંધીનગરનાઓ બનાવ સમયે તેઓના ઉપરી પોલીસ અધિકારી તથા પોલીસ સ્ટાફના માણસો સાથે અરવલ્લી જિલ્લા ખાતે કામગીરી સારુ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને મળેલ બાતમી હકીકત આધારે બે પંચોના માણસોને સાથે રાખી અરવલ્લી જિલ્લાના મેઘરજથી રાજસ્થાન તરફ કાલીયાકુવા તરફના રોડ ઉપર આવેલ બેલ્યો ગામની સીમમાં બે અલગ અલગ વાહનોમાં બેસી બેલ્યો ગામની સીમમાંથી નીકળી કાલીયાકુવા ગામ તરફ રવાના થઇ કાલીયાકુવા ગામે આવેલ તળાવ નજીક વોચમાં હતા. તે દરમિયાન કલાક ૧૮/૦૦ વાગે સદર બાતમીવાળી ક્રેટા ગાડી રજી.નં.જી.જે.૦૧.આર.એલ. ૮૯૩૬ની આવતા તેને આડશ કરી ઉભી રખાવેલી અને સદર ગાડીમાં ચેક કરતા પાછળની સીટના ભાગે કાળા કલરનું કપડું ઢાંકેલ હતું જે હટાવી તેમજ ડેકીમાં જોતાં ભારતીય બનાવટનો વિદેશી દારુ બીયરની પેટીઓ ભરેલ મળી આવેલ અને સદર બંને ઈસમોના નામઠામ અંગે પુછપરછ કરતા ચાલકે પોતાનું નામ (૧) વિશાલ નાથુજી ધુલા ડામોર (મીણા, આદિવાસી) તથા ચાલકની બાજુમાં બેઠેલ ઈસમે પોતાનું નામ (૨) જીવાલાલ સુખલાલ હુકસી ડામોર (મીણા,આદિવાસી), બંને રહે. કાકરાદરા, તા.જી.ડુંગરપુર

(રાજસ્થાન)ના હોવાનું જણાવેલ અને સદર પ્રોહી.મુદ્દામાલની હેરફેર કરવા બાબતે પાસ પરમીટ માંગતા પોતાની પાસે ન હોવાનું જણાવેલ અને પોલીસે પંચોની હાજરીમાં સદર ક્રેટા ગાડીમાંથી ભારતીય બનાવટની વિદેશીદારુની બોટલો તથા બીયરના ટીન નંગ–૧૩૧૫, કિં.રૂા.૭,૮૭,૩૩૪/– નો મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે લીધેલ છે અને અન્ય સહ આરોપીઓ દારુનો જથ્થો ભરાવનાર નિરંજન, રહે.ઉદેપુર– ચિત્તોડગઢ વચ્ચે તથા જીતેન્દ્રસિંહ રવિન્દ્રસિંહ ચૌહાણ કે જે રાજસ્થાન પીઠ સીમલવાડા ખાતે દારુના ઠેકાના માલિક અને સંચાલક છે તે બંને હજુ પકડવાના બાકી છે અને હાલના અરજીના બંને અરજદાર/આરોપીએ સદર પકડાયેલ મુદ્દામાલ વિદેશી દારુ અને બીયરનો જથ્થો મંગાવેલ હોવાની હકીકત તપાસમાં ખુલેલ છે અને હાલના અરજદાર/આરોપીએ ગુજરાત રાજય કે જે પ્રોહી.પ્રતિબંધિત હોવા છતાં તેમાં ગેરકાયદેસર રીતે વિદેશીદારુનો જથ્થો મંગાવી તેને ગુજરાત રાજયમાં ઘુસાડવાની કોશીશ કરાવેલ છે અને સદર પકડાયેલ મુદ્દામાલનો જથ્થો પણ રૂા.૫/– લાખથી વધુ છે અને હાલના અરજીના અરજદાર/આરોપી વિરુધ્ધ વડોદરા શહેર લક્ષ્મીપુરા પો.સ્ટે., વરાસીયા પો.સ્ટે., આણંદ રૂરલ પો.સ્ટે.માં આવા જ પ્રકારના પ્રોહીબીશનના ગુન્હાઓ નોંધાયેલ છે અને તેઓનો ગુનાહીત ઈતિહાસ હોવાની હકીકત તપાસમાં ખુલેલ છે. ત્યારે આ કામે આરોપીઓ દ્ધારા કરવામાં આવેલ અગાઉની અરજીમાં ના. કોર્ટ દ્ધારા જે તારણો આપવામાં આવેલ છે તે મુજબ આ કામના આરોપીઓ સામે મજબુત પ્રથમદર્શનીય કેસ જણાઈ આવતો હોય અને તપાસ દરમ્યાન પણ આરોપીઓનો સક્રીય રોલ જણાઈ આવતો હોવાના કારણસર જામીન અરજી રદ કરવામાં આવેલ છે. ત્યારે આ કામે આરોપી દવારા હાલની અરજી કે જે ચાર્જશીટ દાખલ થયા બાદ દાખલ કરવામાં આવેલ છે. ત્યારે આ પ્રકારની અરજીના ન્યાયી નિર્ણય માટે એ હકીકત આરોપીઓ તરફે રજુ કરવાની રહે છે કે, ચાલુ તપાસ દરમ્યાન અને તપાસ બાદ આક્ષેપીત બનાવમાં મહત્વના ફેરફાર થયેલ છે. જે આરોપીઓને જામીન મુકત થવા માટે નવા કારણો મળી રહે છે. પરંતુ આ કામે રજુ કરવામાં આવેલ ચાર્જશીટની નકલ તથા તપાસના

કાગળો ધ્યાને લેવામાં આવે તો આ કામે તપાસ પુરી થયા બાદ પણ એવા કોઈ મહત્વના ફેરફાર થયેલ હોય કે જે આધારે આરોપીને જામીન મુકત કરી શકાય તેવા કોઈ નવા કારણો જણાઈ આવતા નથી. ત્યારે માત્ર ચાર્જશીટ દાખલ થઈ જવા માત્રથી આરોપીઓને જામીન મુકત કરવા માટે કોઈ પર્યાપ્ત અને યોગ્ય કારણ જણાઈ આવતું નથી. ત્યારે હાલના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમઃ- ૪૮૩ અન્વયે જામીન મુક્ત કરવો ન્યાયી અને ઉચીત જણાઇ આવતું ન હોય, ત્યારે આરોપીની જામીન અરજી નામંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

૧. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે હાલના અરજદારની રેગ્યુલર જામીન અરજી " **ના મંજુર** "કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૧[મી] , માહે- મે, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| તારીખઃ- | ૦૧/૦૬/૨૦૨૬ | (સુનીલ મનહરભાઇ કામદાર)<br>બીજા અધિક સેશન્સ જજ,<br>અરવલ્લી @ મોડાસા. |
| સ્થળઃ- મોડાસા | | |